# શ્રી શત્રુંજય

| | |
|---|---|
| આવાગમન...... | રેલ્વે સ્ટેશન : પાલીતાણા-૫ કિ.મી.<br>બસ સ્ટેશન : પાલીતાણા-૩ કિ.મી. |
| પહોંચવાનો સરળ માર્ગ..... | ભાવનગરથી સડક રસ્તે |
| નજીકનું મુખ્ય શહેર..... | ભાવનગર-૭૦ કિ.મી. |
| નજીકના તીર્થક્ષેત્રો : | ઘોઘા–૭૦ કિ.મી., સુવર્ણપુરી (સોનગઢ)–૨૨ કિ.મી., ગિરનાર (જૂનાગઢ)-૧૭૦ કિ.મી. |

પાંડવ શુભ તીનં સિદ્ધ સહીતં, આઠ કોડ મુનિ મુક્તિ ગયે;
શત્રુંજય પૂજો, સન્મુખ હુજો, શાંતિનાથ શુભ મૂલ નયો.

શ્રી શત્રુંજયગિરિ ઘણું જૂનું નિર્વાણક્ષેત્ર છે. પાંડવોના કારણે આ ક્ષેત્ર પ્રસિદ્ધિ પામ્યું છે. યુદ્ધિષ્ઠિર, ભીમ અને અર્જુન–એ ત્રણ પાંડવો તથા આઠ કરોડ દ્રવિડ રાજા આઠ કર્મોનો નાશ કરીને અહીંથી મુક્તિ પામ્યા હતા. નિર્વાણકાંડમાં પણ તેનું વર્ણન આવે છે કે—

પાંડવ તીન દ્રવિડ રાજન, આઠ કોડિ મુનિ મુક્તિ પયાન;
શ્રી શત્રુંજયગિરિકે શીશ, ભાવ સહિત વંદો નિશદીસ.

સંસ્કૃત નિર્વાણકાંડમાં બતાવ્યા મુજબ શ્રી નેમિનાથ ભગવાનના નિર્વાણ થયાના સમાચાર સાંભળીને પાંચેય પાંડવોના ભાવ બદલાઈ ગયા અને શત્રુંજય પહાડ પર ધ્યાનસ્થ થઈ ગયા. તેમના ઉપર કૌરવોના ભાણેજે ઉપસર્ગ કરી, તેમને લોઢાના મુગટ-કુંડલ-હાર વિગેરે બનાવી ખૂબ જ ગરમ કરીને પહેરાવ્યા હતા. તે વખતે યુધિષ્ઠિર, ભીમ અને અર્જુન–એ ત્રણે પાંડવો પોતાના આત્મધ્યાનમાં–શુક્લધ્યાનમાં જ મસ્ત રહ્યા અને આઠો કર્મોનો નાશ કરી મુક્તિ પામ્યા. જ્યારે સહદેવ અને નકુલને એવા ભાવ આવ્યા કે મોટા મુનિવરોને શું થતું હશે? માત્ર આવા આટલા શુભ ભાવ તેમને આવતાં તેઓને સ્વર્ગલોકનું સર્વાર્થસિદ્ધિનું આયુષ્ય બંધાઈ ગયું. શત્રુંજય પાંડવોની નિર્વાણભૂમિ તરીકે પ્રસિદ્ધ છે.

ભટ્ટારક શ્રી જ્ઞાનસાગરજીએ શત્રુંજયનું જે વર્ણન કર્યું છે તેમાં એમ લખ્યું છે કે શ્રી ઋષભદેવ ભગવાન અહીં ૨૨ વખત પધાર્યા હતા. શ્રી જ્ઞાનસાગરજીએ લખ્યું છે કે–

"શત્રુંજય સુવિશાલ નયર તિહો પાલીતાણા, અષ્ટ કોડિ મુનિ મુક્તિ સિદ્ધક્ષેત્ર બખાણી;
શ્રી ઋષભદેવ જિનરાજ વાર બાવીસ પધાર્યા, કહી ઉપદેશ અનંત ભવિક જીવ બહુ તાર્યા."

આ રીતે શત્રુંજય-પાલીતાણાનો પ્રાચીન ઈતિહાસ છે.

પાલીતાણામાં રેલ્વે સ્ટેશન છે. રેલ્વે સ્ટેશનથી શત્રુંજય પહાડ આશરે ૫ કિ.મી. દૂર છે. રેલ્વે સ્ટેશનથી દિગંબર જૈન ધર્મશાળા ૧.૫ કિ.મી. દૂર છે. જ્યારે ગુજરાત રાજ્યનાં એસ. ટી. બસ સ્ટેશનથી દિગંબર જૈન ધર્મશાળા તદ્દન નજીક જ છે. નગરનું નામ પાલિતાણા છે અને પહાડનું નામ શત્રુંજય છે. પાલીતાણામાં ભૈરવપુરામાં દિગંબર જૈન ધર્મશાળા છે. આ ધર્મશાળામાં ૪૦ જેટલી રૂમો છે. તેથી લગભગ ૧૫૦ યાત્રિઓ અહીં રહી શકે તેવી સગવડ છે. બજાર ધર્મશાળાથી નજીક છે. સડક રસ્તે પાલીતાણાથી સોનગઢ ૨૨ કિ.મી. છે જ્યારે પાલીતાણાથી ભાવનગર સડક રસ્તે ૫૨ કિ.મી. છે. ટ્રેઈન રસ્તે અમદાવાદથી શિહોર જં અને શિહોર જં. થી પાલીતાણા આવી શકાય છે. ભાવનગરથી પાલીતાણા બસ અર્ધો-અર્ધો કલાકે મળ્યા જ કરે છે. તેમજ પાલીતાણાથી જૂનાગઢ-ગિરનાર, ઘોઘા, અમદાવાદ, મહેસાણા, વિરમગામ, વિગેરે સ્થળો પર જવા માટે પુષ્કળ એસ.ટી. બસ મળે છે.

ક્ષેત્રનું સરનામુ— શ્રી શત્રુંજય દિગંબર જૈન ધર્મશાળા,
ભૈરવપુરા, પોસ્ટ-પાલીતાણા.
જિ. ભાવનગર (ગુજરાત) પીન-૩૬૪૨૭૦

આ ધર્મશાળાથી આશરે ૧ કિ.મી. દૂર માંડવી ચોકમાં એક દિગંબર જૈન મંદિર આવેલું છે. આ મંદિર વિ. સં. ૧૯૪૮માં થયું હતું અને તેની પ્રતિષ્ઠા વિ. સં. ૧૯૫૧ના માહ સુદ ૫નાં રોજ થઈ હતી. આ મંદિરમાં મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાન પદ્માસને ૨॥ ફીટના ધાતુના બિરાજમાન છે. તે સિવાય સફેદ પાષાણના શ્રી અરહનાથ ભગવાન પદ્માસને આશરે ૧॥ ફીટના છે તથા શ્રી આદિનાથ ભગવાન સફેદ આરસનાં પદ્માસન આશરે ૨। ફીટના તથા શ્રી અજીતનાથ ભગવાન આશરે ૧॥ ફીટના સફેદ આરસના પદ્માસને તથા શ્રી ચન્દ્રપ્રભ ભગવાન સફેદ આરસના આશરે ૨। ફીટના પદ્માસને બિરાજમાન છે. તે સિવાય અહીં આશરે ૧ ફીટની ધાતુની બે ચોવીસી પણ છે તથા નંદીશ્વરની એક ચૌમુખી પણ ધાતુની છે. આ સિવાય પંચમેરૂ શ્રી આદિનાથ પ્રભુ, શ્રી પાર્શ્વનાથ પ્રભુ, શ્રી શાંતિનાથ પ્રભુ, શ્રી મલ્લિનાથજી, શ્રી સુપાર્શ્વનાથજી, વિગેરે ધાતુના નાના-નાના પદ્માસન પ્રતિમાજી પણ ઘણા છે. આ સિવાય આ મંદિરમાં યંત્રો પણ ઘણાં છે, જેવાં કે-સોલહકારણ યંત્ર, દસલક્ષણ યંત્ર, શ્રુતસ્કંધ યંત્ર, ણમોકાર મંત્ર વિગેરે. મંદિરનો સભામંડપ પણ સુંદર છે.

પહાડ ઉપરના મંદિરનો ઈતિહાસ :—પાલીતાણા પર્વત ઉપર માત્ર એક જ દિગંબર જૈન મંદિર છે. આ પર્વત પર બે ટોંક છે. નવ ટોંક ઉપર કોઈ દિગંબર મંદિર નથી.

મોટી ટોંક ઉપર એક પ્રાચીન શ્રી શાંતિનાથ દિગંબર જૈન મંદિર છે. આ મંદિરમાં ૯ વેદી છે. મુખ્ય વેદીમાં મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાન સફેદ આરસનાં પ્રતિમાજી છે, જેની પ્રતિષ્ઠા વિ. સં. ૧૬૮૬માં શાહજાહાંના સમયમાં વૈશાખ સુદ ૫ના રોજ થઈ હતી. આ મંદિરમાં મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાન સફેદ આરસનાં પદ્માસન ૩ાા ફીટના પ્રતિમાજી છે. તેમની બાજુમાં શ્રી અરિહંત ભગવાન ધાતુના ખડ્ગાસને આશરે ૨। ફીટના પ્રતિમાજી છે તથા શ્રી નેમિનાથ ભગવાન કાળા આરસનાં પદ્માસને આશરે ૧ાાા ફીટના તથા શ્રી પાર્શ્વનાથ ભગવાન સફેદ આરસનાં પદ્માસને આશરે ૧ાા ફીટના તથા શ્રી ચન્દ્રપ્રભ ભગવાન સફેદ આરસના પદ્માસને આશરે ૧ ફીટના છે. તે સિવાય ડાબી તરફ શ્રી અરિહંત ભગવાન ધાતુના ખડ્ગાસન આશરે ૨। ફીટના છે અને શ્રી મુનિસુવ્રત ભગવાન કાળા આરસમાં પદ્માસને આશરે ૧ાાા ફીટના તથા શ્રી પાર્શ્વનાથ ભગવાન સફેદ આરસના પદ્માસને ૨। ફીટના છે.

વેદી નં ૨માં શ્રી કુન્થુનાથ ભગવાન પદ્માસને આશરે ૧ ફીટના સફેદ આરસનાં છે. તેમની બાજુમાં શ્રી અરિહંતજી સફેદ ધાતુના પદ્માસને તથા શ્રી કુન્થુનાથ પ્રભુ શ્યામ આરસના પદ્માસને બિરાજમાન છે. વેદી નં. ૩માં શ્રી અજીતનાથ ભગવાન સફેદ આરસના પદ્માસને આશરે ૨ાા ફીટના છે. તેમના પ્રતિષ્ઠા વિ. સં. ૧૮૬૩માં થઈ હતી. વેદી નં. ૪માં શ્રી ચન્દ્રપ્રભુ ભગવાન સફેદ આરસના પદ્માસને આશરે ૧ ફીટના છે તથા શ્રી આદિનાથ પ્રભુ સફેદ આરસના પદ્માસને આશરે ૦ાા ફીટના છે તથા શ્રી અરિહંત ભગવાનનાં પદ્માસન બે પ્રતિમાજી છે. વેદી નં. ૫માં શ્રી સુપાર્શ્વનાથ ભગવાન સફેદ આરસના આશરે ૨ ફીટનાં પદ્માસન પ્રતિમાજી છે. વેદી નં. ૬માં શ્રી યુધિષ્ઠિરની ધાતુની ખડ્ગાસન આશરે ૧ ફીટની મૂર્તિ છે. વેદી નં. ૭માં શ્રી ચિંતામણી પાર્શ્વનાથની પદ્માસને આશરે ૨ ફીટની ધાતુની પદ્માસન પ્રતિમાજી છે. વેદી નં ૮માં શ્રી ભીમ તથા અર્જુનની ખડ્ગાસન ધાતુની આશરે ૧ ફીટની મૂર્તિ છે. વેદી નં ૯માં શ્રી વિઘ્નહર પાર્શ્વનાથની પદ્માસન આશરે ૨ ફીટની પ્રતિમાજી છે. તે સિવાય ધરણેન્દ્ર અને પદ્માવતીની ૨ મૂર્તિ છે તથા રંગમંડપમાં ક્ષેત્રપાલ અને ઋષિમંડલની ૨ પ્રતિમા છે.

મંદિરની ડાબી તરફ શ્રી ઋષભદેવ તથા શ્રી સંભવનાથજીના ચરણચિહ્ન સ્થાપિત કરેલા છે. મંદિરની પશ્ચિમ તરફ ત્રણ દેરીઓમાં ૫ ચરણચિહ્ન સ્થાપિત છે. તેમજ એક નાનકડી શીખરબંધ દેરીમાં ૩ પાંડવોના ચરણચિહ્ન છે. આ રીતે અહીં કુલ ૧૩ ચરણો છે.

પરમ કૃપાળુ પૂ. ગુરુદેવશ્રી કાનજીસ્વામીએ સંઘ સાથે પાલીતાણા તીર્થની યાત્રા કરેલ હતી.